# નૂતન વર્ષે
# દીવો પ્રગટાવી નૂતન કેડીને અજવાળીએ

જીવન સરગમ
બિન્દુબેન કચરા

નૂતન વર્ષે મોટે ભાગે ડાયરી અને કેલેન્ડર સિવાય બીજું કશું જ બદલાતું નથી. કૃત્રિમતાનો કાટ આપણા જીવન પર એવો ચઢી ગયો છે કે સાચો રંગ પરખાતો જ નથી. બ્રાહ્યાડંબરની બોલબોલાને કારણે આપણે પ્રત્યેક ક્ષેત્રમાં ઉપલકિયું જીવન જીવતાં થઇ ગયા છીએ.

આપણે હસવાને નામે દાંત જ કાઢતા હોઈએ છીએ, એમાં પ્રસન્નતાની ઝલક જોવા મળતી નથી. નિર્દોષ સ્મિત દુર્લભ બનતું જાય છે. હાસ્ય પ્રસન્ન હોવું જોઈએ તેમ રુદન ભાવપૂર્ણ હોવું જોઈએ. આપણે કામ પણ દિલથી કરતાં નથી. વેઠ ઉતારીએ છીએ. ખરેખર તો આપણાં કાર્યને ભક્તિનો સ્પર્શ હોવો જોઈએ. દિલથી કરેલું કામ સારું થાય છે અને થકવતું પણ નથી. કર્મની કુશળતાને ગીતા યોગ કહીને બિરદાવે છે.

આપણી સેવા પણ સ્નેહથી રંગાયેલી હોવી જોઈએ, આપણી પ્રીતિમાં ત્યાગનો રંગ ભળવો જોઈએ. સાચો પ્રેમ અધિકારની ભાષા બોલતો નથી. આપણી ભક્તિને પણ સમર્પણનો રંગ હોવો જોઈએ. આપણી વિદ્યાને જડતા નહીં પણ ચેતનાનો સ્પર્શ હોવો જોઈએ.

આજે દિવાળી હોય કે હોળી, બળેવ હોય કે નવરાત્રી આ તમામ તહેવારોમાં ધર્મની ધુરા બાજુ પર હડસેલાતી જોવા મળે છે. અર્થ અને કામની પ્રચુરતા આ તહેવારો પર હાવી થયેલી જોવા મળે છે. આપણને દીપક પ્રગટાવીને તિમિર હટાવી જ્ઞાનની પ્રાપ્તિમાં રસ છે પરંતુ દીપક તરીકે સ્વને જલાવીને કંઈક આપવાની તૈયારી નથી.

નૂતન વર્ષે પ્રભુને પ્રાર્થીએ કે આપણાં હાસ્યને પ્રસન્નતાનો, રૂદનને ભાવનો, કાર્યને ભક્તિનો, સેવાને સ્નેહનો, પ્રીતિને ત્યાગનો, ભક્તિને સમર્પણનો, વિદ્યાને રસિકતાનો અને વિરકિતને જ્ઞાનનો રંગ ચડે...! કોઈકનું જીવન ફરિયાદોથી ભરેલું છે તો વળી કોઈકનું જીવન આભારોથી, કોઈકને મરવાની ઉતાવળ છે તો કોઈકને ગમે તેટલું જીવે તો ય જીવન ટૂંકું લાગે છે. એક જ જીવન છે. એક જ મોકો છે છતાં પણ અલગ અલગ વિચારે છે. જીવન દ્દષ્ટિકોણનો ખેલ છે. આપણા દ્દષ્ટિકોણથી દુઃખ પણ સુખમાં પલટાઈ જાય છે. હા, સુખદુઃખથી ભરેલું આ જીવન આપણાં દ્દષ્ટિકોણ પર ટકેલું છે. જીવન બીજું કશું નહીં પણ પાણીથી ભરેલો ગ્લાસ છે. ગ્લાસ તો એક જ છે પરંતુ એ ગ્લાસ કોઈને માટે અડધો ખાલી તો કોઈને માટે અડધો ભરેલો છે. એ જ રીતે જીવન પણ કોઈકને માટે દુઃખના ડુંગર સમાન છે તો કોઈકને માટે સુખનો ખજાનો.

ત્રણ મજૂરો એક જ કામમાં જોતરાયેલા હતા. એમનું કામ માત્ર આખો દિવસ પથ્થર તોડવાનું જ હતું. જયારે એક મજૂરને પૂછવામાં આવ્યું કે - ‘‘તું શું કરી રહ્યો છે?’’ ત્યારે એણે ગુસ્સામાં ફરિયાદ સૂચક નજર કરી કહ્યું -‘‘દેખાતું નથી? મારું કિસ્મત તોડી રહ્યો છું, પરસેવો પાડી રહ્યો છું. બીજું શું?’’

બીજા મજૂરને પણ આ જ પ્રશ્ન પૂછવામાં આવ્યો, એના જવાબમાં ગુસ્સો નહીં પણ પીડા હતી, આંખોમાં ફરિયાદ નહીં પણ ભીનાશ હતી. નરવા સ્વરે એણે કહ્યું-‘‘પાપી પેટ માટે રોટલા રળું છું.’’

જયારે આ જ પ્રશ્ન ત્રીજા મજૂરને પૂછવામાં આવ્યો ત્યારે ન તો એના અવાજમાં કોઈ ફરિયાદ હતી, ન કોઈ પીડા. એણે આનંદિત સ્વરે કહ્યું- ‘‘હું પૂજા કરી રહ્યો છું, હું પ્રભુનું મંદિર બનાવી રહ્યો છું. હું ખૂબ જ કિસ્મતવાળો છું કે આવા સુંદર કામ માટે પ્રભુએ મારી સેવાનો સ્વીકાર કર્યો. હું ધન્ય બની ગયો. મને કામ કરવામાં આનંદ આવે છે. ભગવાન મારા હાથે બનાવવામાં આવેલ મંદિરમાં બિરાજમાન થશે.’’

દ્દષ્ટિકોણની કરામત છે. એકને કામ વેઠ લાગે છે તો બીજાને એ જ કામ મનને આનંદિત કરનારું બને છે.

આપણો દ્દષ્ટિકોણ જ આપણને દુઃખમાં પણ જીવનબળ આપે છે.

ઉર્મિ 14 વર્ષની હતી ને પિતાનું અવસાન થયું. તદ્દન નાદાન, નાનો ભાઈ 10 વર્ષનો, જીવનમાં કોઈનો સાથ નહીં, સથવારો નહીં, પિતાની નાની એવી કરિયાણાની દુકાન હતી. નીતિમત્તાથી ગુજરાન ચાલે એટલું કમાઈ લેતા હતા. અતિ લોભ નહીં, સંતોષી જીવ હતો. ઉર્મિનાં મમ્મી રંજનબેન આખો દિવસ ઘરકામમાં રચ્યાં-પચ્યાં રહેતાં, દાદી ઘરનાં મોભી હતાં. સૌ એમની આમન્યા જાળવે. પતિનું અવસાન થતાં રંજનાબેન સાવ તૂટી પડયાં. રંજનાબેને દાદીના ખોળે માથું ઢાળ્યું. રડી રડીને દિવસો વીતવા લાગ્યા- દાદીએ ખૂબ સાંત્વન આપ્યું. દાદીએ બંને ભાઈ-બહેનને ખોળામાં બેસાડી કહ્યું-કે- ‘‘રંજના ઊઠ! રડવાનું બંધ કર, આંસુ લૂછી નાંખ, આ બે પારેવડાંને પાંખમાં લે, એમને મોટાં કરવાં, ભણાવવા-ગણાવવાની જવાબદારી આપણે માથે છે. ઈશ્વરે જે પરિસ્થિતિ આપી તેનો સ્વીકાર કરવો જ રહ્યો.’’ દાદીનો ખભો આધારસ્તંભ બની ગયો. કેડી મળી ગઈ.


કેડેથી વાંકા વળી ગયેલા દાદીમા પણ પોતાના છોકરાના જવાથી મનથી ભાંગી પડયાં નહીં, ટટ્ટાર બની ઊભાં થયાં. રંજનાને હિંમત આપી કહ્યું- ‘‘દુકાન જ આપણી અન્નપૂર્ણા, તું દુકાને બેસી ધંધો ચાલુ રાખ, હવે ખૂણો પકડી શોક પાળવાનો નથી, હું બંને બાળકો અને ઘર સંભાળીશ.’’ ન કકળાટ, ન નિસાસા, ન ફરિયાદ, દુઃખને ખંખેરી નાંખી સારી રીતે જીવવા માટેનો દ્દષ્ટિકોણ આત્મસાત કર્યો. પરિવારને જીવન જીવવાનો મકસદ અને મતલબ સમજાવ્યો.

તેઓ રંજનાબેનને હિંમત આપતાં કહેતાં- ‘‘જેવી લેણદેણ. જે ગયું તેનો વિલાપ કરી જીવને બાળવાથી શું વળવાનું? જીવતાજાગતા દેવ જેવાં દીકરાદીકરીને સારી રીતે ઉછેરીએ એ જ મારા દીકરાને સાચી શ્રદ્ધાંજલિ. આપણાં હાથ-મન કામે લગાડી મહેનત કરીએ. કાલે સવારે બાળકો તૈયાર થઈ જશે.’’ દાદીએ કયાંથી મેળવ્યું હશે આવું જીવનબળ? કયાંથી મેળવી હશે આવી શ્રદ્ધા? જરાય હાયવોય નહીં, કલ્પાંત-આક્રોશ છોડી સ્વીકારી લીધી વાસ્તવિકતાને. આ જ તો જીવનમાં દ્દષ્ટકોણનો ખેલ છે.

**જીવન દ્દષ્ટિકોણનો ખેલ છે. આપણા દ્દષ્ટિકોણથી દુઃખ પણ સુખમાં પલટાઈ જાય છે. હા, સુખદુઃખથી ભરેલું આ જીવન આપણાં દ્દષ્ટિકોણ પર ટકેલું છે. જીવન બીજું કશું નહીં પણ પાણીથી ભરેલો ગ્લાસ છે. ગ્લાસ તો એક જ છે પરંતુ એ ગ્લાસ કોઈને માટે અડધો ખાલી તો કોઇને માટે અડધો ભરેલો છે. એ જ રીતે જીવન પણ કોઇકને માટે દુઃખના ડુંગર સમાન છે તો કોઇકને માટે સુખનો ખજાનો**

તો વાચકમિત્રો, જીવન જીવવાની સાચી કળા શીખો. જીવનમાં કશું ય સ્થિર કે સ્થાયી નથી, વાસ્તવિકતા સ્વીકારી, હકારાત્મક દ્દષ્ટિકોણ રાખી ખુશહાલ રહો. જિંદગી એ ઉત્સવ છે. પળે પળે એનો ઉત્સવ મનાવો, નાના નાના સુખને ઉજવતા શીખો. પરીક્ષામાં પાસ થાઓ કે નાપાસ, ઈનામ જીતો કે હારો, વિઝા મળે કે નોકરી મળે હકારાત્મક દ્દષ્ટિકોણથી, આનંદથી હર્યાભર્યા રહો-બસ ખુશ રહેતાં શીખો.

જીવંત દીપક બની સ્વયં પ્રકાશી
સર્વને પ્રકાશિત કરીએ-
ખુશીના દીપક ઘર ઘર
જલે એવી શુભેચ્છા!



## સુવર્ણરજ

સ્નેહભીના દીવડે
મળતાં રહીશું.
લાગણીનાં ઉંબરે
મળતાં રહીશું.
હર દિવસ શુભ-લાભના
અવસર બનીને
આંગણે હર શ્વાસે મળતાં રહીશું.